જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૫/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-  સમાચાર યાદી નં.૮૯૫/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૧૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૮૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૯૬/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૮૯૭/૧૫

વટવા : સિયારામ પુરૂષોત્તમભાઇ રાજપુત (રહે, ગોપાલનગર સોસાયટી, નિગમ સોસાયટીની પાછળ, વટવા) એ તા.૩/૫/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૪/૧૫ બપોરના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, અનાજ ભરવાના પીપડાનું લોક તોડી તેમાં મુકેલ સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-  સમાચાર યાદી નં.૮૯૮/૧૫

સોલા હાઇકોર્ટ : જયાબહેન પ્રકાશકુમાર મહેતા (ઉ.વ.૫૯)(રહે,ન્યુ નૈમેશપાર્ક, નિલકંઠ મહાદેવની સામે, ગુલાબ ટાવર રોડ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૫/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ગુલાબટાવર રોડ, વૈભવ બંગ્લોઝ પાસેથી પોતાના પતિ સાથે રસ્તા પરથી ચાલતાં પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ જયાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૮૯૯/૧૫

બાપુનગર : ગૌરાંગ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૨૬)(રહે. ક્રિષ્ણા એપાર્ટમેન્ટ, બાપુનગર) કોઇ અગમ્ય કારણોસર તા.૨૭/૪/૧૫ રાતના ૯/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોશીન છાંટી, સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૩/૫/૧૫ નાં ૦૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઘનશ્યામભાઇ ભલાભાઇ ચલાવે છે

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)